**ગાંધીનગર તાપમાન**


મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૧ ટકા

# શનિવારે ત્રણ વર્ષે એક વખત આવતી એકાદશી

## અધિક માસની પદ્મિની એકાદશીના ઉપવાસ અને ઉપાસના કરવાથી તમામ યજ્ઞો અને તીર્થયાત્રાનું ફળ

હિંદુ સંસ્કૃતિમાં અગિયારસ કે એકાદશીનું ખૂબ જ મહત્વ છે, આવા હિંદુ પંચાગ અનુસાર વર્ષમાં ૨૪ એકાદશી હોય છે, પરંતુ અધિક માસને કારણે બે એકાદશી વધે છે. જેને પરમા અને પદ્મિની કહેવામાં આવે છે. આ બંનેનું ખૂબ જ મહત્વપૂર્ણ છે. અધિક માસના સુદ પક્ષની એકાદશીને પદ્મિની એકાદશી કહેવામાં આવે છે. પુરુષોત્તમ માસની પ્રથમ એકાદશી હોવાથી તેને પુરુષોત્તમી પણ કહેવામાં આવે છે. ૩ વર્ષમાં આવતી આ એકાદશી ખૂબ જ ખાસ માનવામાં આવે છે. જે આ વખતે ૨૯મી જુલાઈ શનિવારના રોજ થશે. આ દિવસે ભગવાન વિષ્ણુની પૂજા અને ઉપવાસ કરવાથી જ તમામ પ્રકારના પાપોનો નાશ થાય છે. આ વ્રત કરવાથી આખા વર્ષની એકાદશીનું પુણ્ય મળે છે. હિંદુ કેલેન્ડર મુજબ પુરૂષોત્તમી એકાદશી વ્રત અધિક માસમાં આવે છે. જ્યારે ભગવાન વિષ્ણુના મહિનામાં આવે છે ત્યારે આ વ્રત વધુ વિશેષ બની જાય છે.

આ વ્રતને શાસ્ત્રોમાં સૌથી મોટું અને મહત્ત્વનું ગણાવ્યું છે. બ્રહ્માંડ પુરાણમાં કહેવામાં આવ્યું છે કે મલમાસની એકાદશી પર




ભગવાન વિષ્ણુનું વ્રત અને પૂજા કરવાની સાથે નિયમોનું પાલન અને ત્યાગ કરવાથી ભગવાન વિષ્ણુ પ્રસન્ન થાય છે. અન્ય પુરાણોમાં કહેવામાં આવ્યું છે કે આ વ્રતથી મોટો કોઈ યજ્ઞ, તપ કે દાન નથી. જે વ્યક્તિ આ એકાદશીનું વ્રત કરે છે તેને તમામ તીર્થયાત્રાઓ અને યજ્ઞોનું ફળ મળે છે. જે વ્યક્તિ ભગવાન વિષ્ણુ અથવા શ્રી કૃષ્ણની પૂજા કરે છે અને આ એકાદશીનું વ્રત કરે છે. તેના દ્વારા જાણતા-અજાણતા તમામ પ્રકારના પાપોનો અંત આવે છે. આવી વ્યક્તિ તમામ પ્રકારના સુખ ભોગવીને ભગવાન વિષ્ણુના વાસને પ્રાપ્ત કરે છે. એકાદશીની તિથિ ૨૮ જુલાઈ ૨૦૨૩ બપોરે ૦૨.૫૧ કલાકે શરુ થશે અને એકાદશીની તિથિ પૂર્ણ ૨૯ જુલાઈ ૨૦૨૩ ના રોજ બપોરે ૦૧.૦૫ કલાકે થશે. એટલે કે ઉદિયા તિથિ અનુસાર એકાદશીનું વ્રત ૨૯ જુલાઈએ કરવું. આ વખતે આ વ્રત ખાસ કેમ છે? આ વખતે અધિક માસની પદ્મિની એકાદશી શ્રાવણના અધિક માસની જેમ વિશેષ રહેશે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે આવનારા ચાતુર્માસ મહિનામાં ભગવાન વિષ્ણુની પૂજા અને ઉપવાસ કરવાથી જે પુણ્ય મળે છે તે અખૂટ છે. સાથે જ શિવ અને વિષ્ણુ પુરાણમાં ખાસ કરીને શ્રાવણમાં ભગવાન વિષ્ણુની પૂજા કરવાની રીત પણ સમજાવવામાં આવી છે. તેનાથી જાણ્યે-અજાણ્યે કરેલા તમામ પ્રકારના પાપોનો અંત આવે છે.

# કારડીયા રાજપુત સ્કૂલના બાળકોને સ્વચ્છતા બાબતે માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા.૨૬

તા.૨૫-૭-૨૦૨૩ ના રોજ રોટરી ક્લબ ગાંધીનગર, મેપ માય સ્ટડી, ન્યુ દિલ્હી ના સંયુક્ત ઉપક્રમે યુનિક વિદ્યા સંકુલ ,સેક્ટર ૫ સી,ખાતે શ્રી કારડીયા રાજપુત વિદ્યાલયના બાળકોને વોશ - WASH (Water, hygiene and) કાર્યક્રમ અંતર્ગત વોટર હાયજીન અને સેનિટેશનની બાબત કાળજી લેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે રોટરી ક્લબ વતી રોટરી પ્રમુખ ડૉ આર એ શેરસિયા, મંત્રી શ્રી અમિત ગોહિલ, પ્રો. યોગેશ પટેલ અનેશ્રી. નિખિલ સૂચક એ હાજરી આપી હતી. જ્યારે મેક માય સ્ટડી ના શ્રી પુષ્પિન્દર ભાટીયા અને રંજન ભટ્ટાચાર્ય હાજર રહ્યા હતા. યુનિક સિનરજી તરફથી સંજય બારોટ.જ્યારે





યુનિક વિદ્યા સંકુલ ના શ્રી નીતિનભાઈ પટેલ મનીષભાઈ પટેલ ઊપસ્થિત રહ્યા હતા .આ કાર્યક્રમ મા કારડીયા સ્કૂલના પ્રિન્સિપાલ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે ડૉ .આર. એ. શેરસિયા અને પ્રો.યોગેશ પટેલે વિદ્યાર્થીઓને સ્વચ્છતા બાબતે માર્ગદર્શન આપ્યુ હતુ.બાળકો દ્વારા પ્રેક્ટીકલ કરાવવામાં આવ્યો હતો. વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમો કરવામા આવશે. શ્રી અમિત ગોહિલ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

# બીબીએ કોલેજના NSS યુનીટ દ્વારા કારગીલ વિજય દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ.) કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કારગિલ વિજયદિવસ નિમિત્તે શાહિદ જવાનોને શ્રદ્ધાંજલિ તેમજ સમગ્ર અઘોષિત યુદ્ધ બાબતે પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે શહીદોના વિવિધ પ્રસંગો યાદકરી શહીદોને વિનમ્ર શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન બીબીએ કોલેજ ના એનએસએસ યુનીટ ના ઉત્સાહી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.સાંપ્રત સમયમાં જ્યારે યુવાધન વિવિધ ઉજવણીઓ ઉજવવામાં વ્યસ્ત છે.ત્યારે ઉપરોક્ત કાર્યક્રમ દ્વારા બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કાર્યક્રમમાં કોલેજના અધ્યાપક ડો.નિવેદિતા રાવલ,ડો આશિષ ભુવા,ડો.વિપલ પટેલ અને પ્રો પાયલ પંચાલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓને એક સૈનિકના જીવન માંથી પ્રેરણા લઈ શિસ્ત અને ધ્યેય માટેની કર્તવ્ય પરાયણતા શીખવા માર્ગદર્શન આપ્યું હતું. એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા શહીદોના અનેક પ્રસંગો અને તેના થકી જ અખંડ ભારતની પરિકલ્પના તેમજ ભારતને વિશ્વગુરુ તરીકે પ્રસ્થાપિત કરવાની નેમ ચોક્કસ આવનાર સમયમાં ફળીભૂત થશે તેમ તેઓએ જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિ નાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિ નાં હેડ ડૉ.જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્ર રાઠોડ તેમજ કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# એસ.જી. ઈંગ્લિશ મીડીયમ પ્રાયમરી સ્કૂલ ખાતે ઈન્વેસ્ટિયર સેરેમની યોજાયો



ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં ઈન્વેસ્ટિયર સેરેમની યોજવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષ દરમિયાન પણ એસ.જી. ઈંગ્લિશ મીડીયમ સ્કૂલ દ્વારા પ્રતિનિધિ મંડળની નિમણુંક કરવામાં આવી. ઈન્વેસ્ટિયર સેરેમની એ એક એવી તક છે કે જ્યાં સ્ટુડન્ટ્સ કાઉન્સિલ પ્રિફેક્ટ તરીકે નેતૃત્વની ભૂમિકા પ્રાપ્ત કરે છે અને તેમની ફરજો નિષ્ઠાથી નિભાવવા માટે શપથ લે છે. બાળકોને જવાબદારી સોંપવી એ મહત્વપૂર્ણ કાર્ય છે. જેના દ્વારા તેઓ પણ લીડરશીપનું કૌશલ્ય શીખી શકે છે. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે વાલીઓએ હાજરી આપી હતી. સૌ પ્રથમ પરેડ દ્વારા મહેમાનને આવકારવામાં આવ્યા હતા. ત્યારબાદ દીપ પ્રાગટ્ય તથા પ્રાર્થના-સ્વાગત દ્વારા શરૂઆત કરવામાં આવી હતી. શાળાના કેપ્ટન, વાઈસ કેપ્ટન, હાઉસ કેપ્ટન, ડિસિપ્લિન ઈન્ચાર્જ, એક્ટિવિટી ઈન્ચાર્જ, પ્રિફેક્ટ તથા દરેક વિદ્યાર્થીઓએ શપથ લીધા હતા. શાળાના પ્રિન્સિપાલ તથા શિક્ષકોએ વિદ્યાર્થીઓને તેમની ફરજો તથા માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું.

# સરસ્વતી વિદ્યાલય ખાતે કારગીલ વિજય દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૬

સરસ્વતી વિદ્યાલય સેક્ટર-૬ના પટાંગણમાં કારગીલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોર્પોરેટર મહેન્દ્રભાઈ પટેલ(દાસ), એસ.પી.સી.ના ઈન્ચાર્જ પી.સી. વાલેરાસાહેબ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલાએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલાએ મહેમાનોનો પરિચય અને શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ સુતરની આંટીથી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. એસ.પી.સી.માં જોડાયેલ વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીત પર નૃત્ય રજુ કરવામાં આવ્યુ હતુ. આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના આચાર્ય





વિદ્યાર્થીઓએ એસ.પી.સી.ના અનુભવો રજૂ કર્યા હતા. કારગીલ વિજય દિવસ અંગે વકતૃત્વનું મધુબેન લેઉવાએ વિદ્યાર્થીઓને કારગીલ વિજય દિવસ અંગે માહિતી આપી હતી.



આજરોજ સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ, સેક્ટર-૨૪ ખાતે આવેલ સુપર કિડ્સ સેક્ટર-૨૪માં વરસાદી દિવસની ધમાકેદાર ઉજવણી કરવામાં આવી હતી. દરેક વિદ્યાર્થી પોતાની વિશેષ પ્રકારની છત્રી લઈને આવ્યા હતા. ઉપરાંત એ લોકોએ છત્રીના ચિત્રો દોર્યા હતા અને તેઓ પલળ્યા પણ હતા. બાલવાટિકામાં ભણતા નાના નાના ભૂલકાઓએ ભારે આનંદ માણ્યો હતો.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી આનંદના ગરબાનો લાભ લીધો હતો.

# ગાંધીનગર પ્રજાપતિ સમાજ કો.ઓ. સોસાયટીની સામાન્ય સભા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર પ્રજાપતિ સમાજ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ., ગાંધીનગરની સાતમી વાર્ષિક સાધારણ સભા ભુવનેશ્વરી મંદિર સેક્ટર-૬ જેમાં દરેક સભાસદો હાજર રહ્યા હતા, મૃત્યુ પામેલા સભાસદોને શ્રદ્ધાંજલિ આપી તથા સભાસદ સભ્યોને લોનની મર્યાદા બે લાખની કરવામાં આવી હતી. નવા સભ્યો બનાવવા માટે આહવાન કરવામાં આવ્યુ. સોસાયટીના ચેરમેન અલ્પેશભાઈ પ્રજાપતિને તમામ સદસ્યનું અભિવાદન કર્યુ અને મંત્રી મુકેશભાઈ ઉપાલાએ આભારવિધિ કરી હતી.



ગાંધીનગર મહાનગર પાલિકાના સેકટર ૨૪ અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર દ્વારા સેકટર ૫ સિનિયર સિટીઝન હોલ ખાતે મમતા માતા અને બાળકોના દિવસ તરીકે ઉજવણીના ભાગરૂપે નાના ૧થી ૫ વર્ષના બાળકોને રસી તથા સગર્ભા માતાઓને આરોગ્યલક્ષી તપાસ તથા રસી આપવાના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું .સદરહુ કાર્યક્રમમા સેકટર ૨૪ અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટરના મેડિકલ સ્ટાફ સ્ટેટ ડૉક્ટર ચિન્મ ઈ બેન નર્સ શિલ્પાબેન આશાવર્કર કૈલાસબેન દ્વારા સેકટર ૫ ના માતાઓ બાળકોને તપાસ કરી આરોગ્યલક્ષી સુંદર સેવાઓ આપી હતી. સેકટર ૫ વસાહત મંડળના પ્રમુખ કેશરીસિહ બિહોલા, જગદીશભાઈ પટેલ, જશવંતસિંહ રાઠોડ, મુળસિહ ચાવડા, પી એન અધયારુ, ઈશ્વર સિહ વાઘેલા દ્વારા ખાસ હાજર રહી કાર્યક્રમમા હાજર રહી સહયોગ આપ્યો હતો.

## જન્મદિને વધામણી



જય રાજુલ ભટ્ટ
મો. ૯૦૩૩૮ ૬૨૬૫૪



હરકાંતભાઈ અનંતપ્રસાદ ભટ્ટ
મો. ૯૪૨૭૬ ૨૪૦૪૮



વસિષ્ઠસિંહ વાઘેલા
મો. ૯૯૦૪૧ ૩૫૩૨૦



પ્રકાશ એમ ગુરુબક્ષાણી
મો. ૯૪૨૭૩ ૩૫૧૬૯



જયુભા મહાવીરસિંહ રાણા
મો. ૯૫૩૭૭ ૫૩૭૩૪



ઈન્દ્રજિતસિંહ એસ રાઠોડ
મો. ૭૯૮૪૯ ૯૮૬૫૯



સુભાષચંદ્ર એસ નાયી
મો. ૯૭૩૭૧ ૯૪૧૪૭



વિશ્રમ વિવેક રાવલ



રીયા રાજેશભાઈ પટેલ



હરિભાઈ ચૌહાણ
મો. ૮૮૬૬૨ ૮૨૭૩૮



અશ્વિન ત્રિવેદી



સુધાબેન રમેશભાઈ ઠાકોર



શ્રીજી શ્રી ગોવર્ધન નાથજી હવેલી સે-૨૧ ગાંધીનગર ખાતે અધિક માસ શ્રાવણ સુદ ૭ મંગળવારે માખણ ચોરી લીલા દર્શન યોજાયા હતાં.

# સ્વતંત્રતા પર્વ અંતર્ગત કુડાસણ ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત, ટ્રીક ટુ ક્રિએટના સહયોગથી આગામી ૧૫મી ઓગસ્ટે બપોરે ૩:૦૦ કલાકે કુડાસણ ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચિત્ર સ્પર્ધામાં દરેક ઉંમરના લોકો ભાગ લઈ શકશે. સ્પર્ધકોએ " ૧૫મી ઓગસ્ટ - સ્વતંત્રતા પર્વ " વિષય પર પોતાની કૃતિ તૈયાર કરવાની રહેશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને આયોજક દ્વારા ડ્રોઈંગ પેપર, સર્ટિફિકેટ અને ટ્રોફી આપવામાં આવશે. રજિસ્ટ્રેશન માટેની છેલ્લી તા.૬/૦૮/૨૦૨૩ રાખવામાં આવેલ છે તો ઈચ્છુક લોકોએ ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭પર સંપર્ક કરીને વહેલા તે પહેલાના ધોરણે રજિસ્ટ્રેશન કરાવી લેવું તેમ આયોજક દ્વારા જણાવવામાં આવેલ છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.વણઝારા મેલાજી હજારીજી** ઉ.વ.૧૩, રાયસણ
- **સ્વ.ઠાકોર મંગુબેન ધુળાજી** ઉ.વ.૬૬, રીદ્રોલ, માણસા
- **સ્વ.ઠાકોર કચરાજી પુંજાજી** ઉ.વ.૬૦, ગલથરા, માણસા
- **સ્વ.વાણી વીરભદ્ર દત્તાત્રે** ઉ.વ.૫૭, ગાંધીનગર
- **સ્વ.પટેલ ચંદુભાઈ મગનદાસ** ઉ.વ.૭૨, ગાંધીનગર